
કે.ડી NEWS

તારીખ : 14/11/2026

HAPPY Birthday



વિરાગ દોશી

મો. 94281 91918

દરેક વસ્તુના પાયાના પથ્થરમાં રહી હંમેશા પાયામાં જ રહેવાનું પસંદ કરતુ નિખાલસ સાથે પ્રેમાળ વ્યકિતત્વ...

વડીલો પાસેથી નિયમિતતા, પ્રતિબધ્ધતા અને ઋજુતાનો સીલસીલો આગળ વધારી અને મોટાભાઇ પાસેથી બીઝનેસ સ્કીલનાં ગુણો આવરી આ ડીઝીટલ યુગમાં પ્રકાશ પ્રિન્ટર્સના ડીઝીટલાઇઝેશનમાં જેઓનું યશસ્વી યોગદાન છે અને આજના ડીઝીટલ એકમો ફેસબુક, ઇન્સ્ટા જેવા અનેક માધ્યમોમાં જેઓ નિપુણતા ધરાવે છે.
નાની ઉંમરમાં આગવી સુઝબુઝ અને પરિપકવતા તેમજ નામ પ્રમાણે જ પોતાના નામની છાપ લોકોના હૃદયમાં સ્થાપિત કરવાની કલા હૃદયસ્થ કરનાર..
મોટાભાઇ સૌરભ દોશી સાથે ખભાથી ખભા મિલાવી અને અમુક બાબતોમાં તો વડીલોથી પણ ચડીયાતા અને ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ એકદમ શાંતિથી અને સરળતાથી કોઇપણ ઉગ્રતા વિના સૌમ્યભાવ સાથે પોતાની રજુઆત શીરાની જેમ ગળે ઉતારવાની રેર ઓફ ધ રેર સ્કીલ ધરાવતાં વિરાગ દોશીને જન્મદિવસની અનેકોનેક શુભેચ્છાઓ...

ડે.ડી NEWS

તારીખ : 14/11/2026

સાવરકુંડલામાં સ્વામિનારાયણ મંદિરના 25મા રજત જયંતી મહોત્સવની ભવ્ય પોથીયાત્રા નીકળી

સંતો અને વડતાલ ગાદીના આચાર્ય મહારાજની ઉપસ્થિતિમાં શહેરના મુખ્ય માર્ગો પર ફરી પોથીયાત્રા ઠેર ઠેર પુષ્પવર્ષા અને ચોખાથી ભવ્ય સ્વાગત કરાયું



સાવરકુંડલાના શિવાજીનગર વિસ્તારમાં આવેલું ગઢપુર ગોપીનાથજી મહારાજના તાબાનું સ્વામિનારાયણ મંદિર ખાતે 25મા રજત જયંતી મહોત્સવ નિમિત્તે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનો ધાર્મિક માહોલમાં પ્રારંભ થયો છે. આ પ્રસંગે કારતક સુદ પાંચમ, લાભપાંચમના પવિત્ર દિવસે સંતો, મહંતો, આચાર્ય મહારાજ અને મોટી સંખ્યામાં હરિભક્તોની ઉપસ્થિતિમાં ભવ્ય પોથીયાત્રા યોજાઈ હતી. પોથીયાત્રા સ્વામિનારાયણ મંદિર શિવાજીનગરથી પ્રસ્થાન કરી ભુવા રોડ સહિત શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. માર્ગમાં ઠેર ઠેર ધર્મપ્રેમી નગરજનો દ્વારા પોથીજી અને પૂજ્ય આચાર્ય મહારાજનું ફૂલો, ચોખા, અબીલ-ગુલાલ અને પુષ્પવર્ષા સાથે ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ ભાગવત સપ્તાહના વક્તા શાસ્ત્રી ડૉ. નિર્લેપસ્વરૂપદાસજી વેદાંતાચાર્ય તથા શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી અથાણાવાળા















વ્યાસપીઠ પરથી સંગીતમય શૈલીમાં ભાગવત કથાનું રસપાન કરાવશે. કથાનો સમય દરરોજ સવારે ૮:૩૦થી ૧૧:૩૦ અને બપોરે ૩:૩૦થી સાંજે ૬:૩૦ વાગ્યા સુધીનો રહેશે. આ સાત દિવસીય ધાર્મિક મહોત્સવ દરમિયાન મહાવિષ્ણુ યજ્ઞ, ઠાકોરજીને વિવિધ વાઘા અને શણગાર, છપ્પન ભોગ, અન્નકૂટ, પૂજન-અર્ચન, ધ્વજારોહણ, શ્રીરામ જન્મોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, હાટડી ઉત્સવ, પુષ્પાભિષેક, રુક્મિણી વિવાહ, ઠાકોરજીની જળયાત્રા, મંગળા આરતી, અભિષેક અને શણગાર આરતી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાતેય દિવસ રક્તદાન કેમ્પનું પણ આયોજન કરાયું છે. મહોત્સવ દરમિયાન દરરોજ રાત્રે સંતવાણી અને લોકડાયરાના કાર્યક્રમો યોજાશે. જેમાં હાસ્ય કલાકારો હિતેશભાઈ અંટાળા, મનસુખભાઈ વસોયા, સુખદેવભાઈ ધામેલિયા તથા ભજનિક કીર્તિદાન ગઢવી અને ગોપાલ સાધુ સહિતના કલાકારો પોતાની પ્રસ્તુતિ આપશે. પૂજ્ય ગાદીપતિના આગમન પ્રસંગે ભવ્ય મહિલા સાંસ્કૃતિક મંચ, વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કૂલ, બોરસદના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહારાસ સહિતના આકર્ષક કાર્યક્રમો પણ યોજાશે. આ ભવ્ય પોથીયાત્રા અને ધાર્મિક મહોત્સવમાં વડતાલ ગાદીના પીઠાધીપતિ પૂજ્ય 1008 આચાર્ય રાકેશપ્રસાદ મહારાજ, ગઢપુરધામના મુખ્ય કોઠારી લક્ષ્મીનારાયણદાસજી, કે.પી. સ્વામી ભાવનગર, સદગુરુ સ્વામી બાલસ્વરૂપદાસજી, ગઢપુરના ચેરમેન હરિજીવનદાસજી, પૂજ્ય મુકેશગીરીબાપુ શિવકથાકાર, પંચદશનામ જૂના અખાડાનાં મહામંડલેશ્વર જયઅંબાનંદગીરી માતાજી સહિતના સંતો-મહંતોની ઉપસ્થિતિ રહી હતી. ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયનાં અમદાવાદધામ, મુળીધામ, ભુજધામ, ધોલેરાધામ, વડતાલધામ, જૂનાગઢધામ અને ગઢપુરધામના સંતો, પાર્ષદો, સાંખ્યયોગી બહેનો, હરિભક્તો, સત્સંગી ભાઈ-બહેનો, યજમાનો તેમજ રાજકીય અને સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શહેર ભક્તિમય વાતાવરણમાં રંગાઈ ગયું હતું અને રજત જયંતી મહોત્સવની ભવ્ય ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.



કે.કે. NEWS

તારીખ : 14/11/2026

સાવરકુંડલાની કે. કે. મહેતા સરકારી હોસ્પિટલમાં 24 કલાકમાં 19 સફળ પ્રસુતિઓ, માતા અને નવજાત શિશુઓ સ્વસ્થ

સાવરકુંડલાની કે. કે. મહેતા સરકારી હોસ્પિટલ ખાતે આરોગ્ય સેવાના ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિ નોંધાઈ છે. હોસ્પિટલના અધિક્ષક ડો. વિવેક તરસરિયા, આર.એમ.ઓ. ડો. માલવિકા ચૌધરી તથા મેટરનિટી વિભાગનાં હેડ નર્સ મીનાક્ષીબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ તા. 13 નવેમ્બર, 2026ના રોજ માત્ર 24 કલાકના સમયગાળામાં કુલ 19 સફળ પ્રસુતિઓ કરવામાં આવી હતી.આ 19 પ્રસુતિઓમાં 16 સામાન્ય પ્રસુતિ અને 3 સિઝેરિયનનો સમાવેશ થાય છે. સૌથી આનંદની વાત એ છે કે તમામ માતાઓ અને નવજાત બાળકોની તબિયત સંપૂર્ણ સ્વસ્થ અને સ્થિર છે.આ સફળતા પાછળ સ્ત્રીરોગ નિષ્ણાત ડો. રિયા રુઘાણી, ડો. અભિષેક ચૌહાણ, ડો. દર્શિતા સોલંકી, એનેસ્થેટિસ્ટ ડો. કુલદીપ કાવઠીયા સહિત સમગ્ર નર્સિંગ સ્ટાફ અને સપોર્ટ સ્ટાફની નિષ્ઠા, સમર્પણભાવ અને ટીમવર્કનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. પ્રસુતિ દરમિયાન કોઈપણ પ્રકારની ગૂંચવણ ઊભી ન થાય તે માટે અનુભવી તબીબી ટીમ અને આધુનિક સુવિધાઓ સાથે સતત તબીબી દેખરેખ રાખવામાં આવી હતી.વધુમાં, સરકારશ્રીની 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' અને 'જનની સુરક્ષા યોજના' અંતર્ગત માતાઓને જરૂરી સારવાર, આરોગ્યલક્ષી સુવિધાઓ અને માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.એક જ દિવસમાં 19 સફળ પ્રસુતિઓની આ સિદ્ધિ કે. કે. મહેતા સરકારી હોસ્પિટલના તબીબો, નર્સિંગ સ્ટાફ અને સમગ્ર આરોગ્ય ટીમની સેવાભાવના, કાર્યનિષ્ઠા અને 24 કલાકની અવિરત આરોગ્ય સેવાનું ઉત્તમ ઉદાહરણ બની છે. આ સિદ્ધિ બદલ હોસ્પિટલની સમગ્ર ટીમને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

ડે.ડી NEWS

તારીખ : 14/11/2026

સાવરકુંડલામાં નૂતન વર્ષની હર્ષોલ્લાસભેર ઉજવણી, વતનપ્રેમ અને પારિવારિક મિલનનો માહોલ છવાયો

નગરદેવતા શ્રી રિદ્ધિ-સિદ્ધિનાથ મહાદેવ મંદિર ખાતે ભવ્ય મહાઆરતીમાં રાજકીય, સામાજિક અને ધાર્મિક આગેવાનો જોડાયા





સાવરકુંડલા શહેર સહિત સમગ્ર તાલુકામાં દિવાળી અને નૂતન વર્ષ સહિતના પર્વોની ભવ્ય અને હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. તહેવારોના માહોલમાં રોજગાર અને વ્યવસાય અર્થે બહારગામ રહેતા અનેક લોકો પોતાના વતન સાવરકુંડલા સહિત તાલુકાનાં ગામોમાં પરિવારજનો સાથે તહેવારોની ખુશીઓ વહેંચવા માટે મોટી સંખ્યામાં પરત ફર્યા હતા. જેના કારણે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો. બજારોમાં પણ ખરીદી માટે લોકોની ભારે ભીડ ઉમટી હતી અને વેપાર-ધંધામાં ચહલપહલ જોવા મળી હતી.દિવાળીના પાવન પર્વ નિમિત્તે નગરદેવતા શ્રી રિદ્ધિ-સિદ્ધિનાથ મહાદેવ મંદિર ખાતે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલા-લીલિયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય, સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, નગરપાલિકાના પ્રમુખ, તાલુકા ભાજપ પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ તેમજ ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ભગવાન મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી અને ભક્તિભાવપૂર્વક મહાઆરતીમાં જોડાયા હતા.આ પાવન અવસરે ભગવાન મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યમય જીવનની મંગલકામના કરવામાં આવી હતી. નૂતન વર્ષના પ્રારંભે ધાર્મિક આસ્થા, પારિવારિક મિલન અને સામાજિક એકતાના ત્રિવેણી સંગમ સમાન વાતાવરણ વચ્ચે સમગ્ર સાવરકુંડલા શહેર અને તાલુકામાં તહેવારોની યાદગાર ઉજવણી કરવામાં આવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 14/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭

ઘર આંગણાની ઓફરની
૨૪ મી વર્ષગાંઠ માનવંતા ગ્રાહકમિત્રોના
અદ્વિતિય વિશ્વાસની ઉજવણીનો
ઠાઠ બની રહેશે !







જે ખરીદશે ડાયમંડ, ગોલ્ડ, સીલ્વર, પ્લેટીનમ આભુષણો તે થશે માલામાલ

કોન બનેગા માલામાલ-૨૦૨૭ ?

પ્રથમ ઈનામ
NISSAN CAR-1
GRAVITE (VISIA MT)
7 SETAR



દ્વિતીય ઈનામ
ALTO (K10)-1
STD (PETROL MT)



તૃતીય ઈનામ
HONDA ACTIVA
(STD)-1



ચોથુ ઈનામ
TVS SPORT BIKE
(BS-VI)



પાંચમું ઈનામ
TUNWAL E-BIKE-1
(MINI LITHINO)



છઠ્ઠુ ઈનામ
TIGER
E-BIKE-1 STD



સાતમુ ઈનામ
WHIRPOOL
192 L 4 STAR
215 IMPC



આઠમુ ઈનામ
SAMSUNG-80 CM
HD LED TV 32 INCH



નવમુ ઈનામ
WHIRPOOL
7KG MAGIC CLEAN



તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી'
ખરીદી પર એક માલામાલ કુપન

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 14/11/2026

લાભ પાંચમના પવિત્ર પર્વની પરંપરાગત શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવણી



આજે કારતક સુદ પાંચમના પવિત્ર દિવસે લાભ પાંચમના પર્વની સમગ્ર ગુજરાતમાં ધાર્મિક શ્રદ્ધા અને પરંપરાગત ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. દિવાળીના તહેવારો બાદ આવતા આ પર્વનું ધાર્મિક તેમજ વ્યાપારી દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ રહેલું છે.લાભ પાંચમને શુભ કાર્યોના પ્રારંભ અને વેપાર-ધંધાની નવી શરૂઆત માટે અત્યંત શુભ દિવસ માનવામાં આવે છે. આ દિવસે વેપારીઓ પોતાની દુકાનો અને પેઢીઓમાં ચોપડા પૂજન કરી વેપાર-ધંધાનો પ્રારંભ કરે છે. જ્યારે વિવિધ પરિવારોમાં ગણપતિ બાપા અને મહાલક્ષ્મી માતાજીની પૂજા-અર્ચના કરી સુખ, સમૃદ્ધિ અને શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવે છે.દિવાળીના વેકેશન બાદ બજારોમાં ફરીથી વેપાર-ધંધાની રોનક જોવા મળે છે. વેપારીઓ નવા ઉત્સાહ અને આશા સાથે પોતાના વ્યવસાયની શરૂઆત કરે છે. આમ, લાભ પાંચમનું પર્વ ધાર્મિક આસ્થા, પરંપરા અને આર્થિક પ્રવૃત્તિઓના નવા પ્રારંભનું પ્રતીક બની રહ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 14/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



જય કુળદેવી શ્રી ગાત્રાડ માતાજી

નવરંગી માંડવાનું ભાવભર્યું આમંત્રણ

પરમ કૃપાળુ કુળદેવી શ્રી ગાત્રાડ માતાજીના આશીર્વાદથી યોજાયેલ
નવરંગા માંડવાનું આયોજન કરવામાં આવેલ છે.
આ પાવન અવસરે આપશ્રી પધારી માતાજીનાં દર્શનનો લાભ
લઈ પ્રસંગની શોભા વધારશો તેવી ભાવભરી વિનંતી.

-:: નવરંગી માંડવો ::-

તારીખ: ૧૪ નવેમ્બર, ૨૦૨૬, શનિવાર

સમય : ૨૪ કલાકનો માંડવો

સ્થળ: માતુશ્રી કસ્તુરબા સુચક ભુવન, કુળદેવી શ્રી ગાત્રાડ માતાજીનો મઢ, જલારામ મંદિર પાછળ, સાવરકુંડલા.

નિમંત્રક: માતુશ્રી કસ્તુરબા સુચક ભુવન

મનોરથી: શ્રી અષ્ટકાંત હરિલાલ સુચક, શ્રી સ્મિત અષ્ટકાંત સુચક

આપની ઉપસ્થિતિ અમારે માટે આનંદ અને ધન્યતાની વાત બની રહેશે.

જય કુળદેવી શ્રી ગાત્રાડ માતાજી સદા સહાયતે

છે.કે NEWS

તારીખ : 14/11/2026

લાભ પાંચમથી વ્યાસપીઠની શુભ યાત્રાનું દ્વિતીય ચરણ આરંભાશે



દ્વારકાનાથના દ્વારેથી જગન્નાથના દર્શન સુધીની કથા યાત્રા

પૂજ્ય મોરારીબાપુના સંકલ્પથી યોજાયેલ સ્વસ્તિક ભારત યાત્રાનું દ્વિતીય ચરણ લાભ પાંચમના શુભ દિવસે દ્વારકાથી શરુ થશે. ૧૪ નવેમ્બરે ભગવાન દ્વારકાધીશ, દેવાધિદેવ નાગેશ્વર ભગવાન અને રાષ્ટ્રના પશ્ચિમિ સાગર તટે સ્થિત "શારદા પીઠ"ના દર્શન સાથે માનસ સ્વસ્તિક ભારત યાત્રા કથાના મંગળ ગાનનો પ્રારંભ થશે. કથાના મંગલાચરણ બાદ દ્વારકાનાથના દ્વારેથી યાત્રાનો આરંભ થશે. બીજા દિવસે ભગવાન સોમનાથની ચરણ વંદના સાથે કથા યાત્રા આગળ વધશે. ડાકોરમાં રાજા રણછોડરાયજીનાં દર્શન સાથે કથા યાત્રાનો ત્રીજો પડાવ રહેશે. ગુજરાત છોડીને ચોથા દિવસે મધ્ય પ્રદેશમાં ઉજ્જૈનના શિપ્રા તટે સ્થિત ભગવાન મહાકાલેશ્વરના ચરણોમાં વ્યાસપીઠ મુકામ કરશે. મધ્યપ્રદેશથી આગળ વધતા, મહારાષ્ટ્રની વિદર્ભ નગરી - ભારતનું હ્રદય ગણાતા નાગપુર ખાતે પાચમા દિવસની કથા ગવાશે. છઠ્ઠા દિવસે છત્તીસગઢના ચંપારણ્યમાં, પુષ્ટિ માર્ગના પ્રણેતા પૂજ્યપાદ વલ્લભાચર્યજીની પ્રાકટ્ય ભૂમિ પર કથાગાન થશે. ત્યાંથી આગળ વધતા, પશ્ચિમ બંગાળમાં, ચૈતન્ય મહાપ્રભુની પ્રાકટ્ય ભૂમિ અને કૃષ્ણ ધામ ઈસ્કોનના મુખ્ય મથક એવા માયાપુરમાં કથાગાન કરીને આઠમા દિવસે વ્યાસપીઠ કલકત્તામાં દક્ષિણેશ્વરમાં માતા મહાકાલીની ચરણ વંદના કરશે. અંતે નવમા દિવસે ઓરિસ્સામાં બહેન સુભદ્રાજી અને દાઉ બળભદ્રજી સાથે વિરાજતા ભગવાન શ્રી કૃષ્ણના જગન્નાથ સ્વરુપે દર્શન પામીને, શંકરાચાર્યજી મહારાજે સ્થાપેલી "ગોવર્ધન પીઠ" ની વંદના સાથે "માનસ સ્વસ્તિક ભારત કથા" વિરામ લેશે. આ રીતે રાષ્ટ્રના પશ્ચિમ છેડાથી પૂર્વ છેડા સુધીની સ્વસ્તિક યાત્રાનું દ્વિતિય ચરણ સંપન્ન થશે.ત્રિભુવન ગુરુની કૃપાથી, અસ્તિત્વના આશિર્વાદ સાથે, પૂજ્યપાદ સાધુ સંતો અને સુજ્ઞ શ્રોતાઓ સાથે આરંભાયેલી સ્વસ્તિક યાત્રાના દ્વિતીય ચરણમાં બે જ્યોતિર્લિંગ, બે મહાપ્રભુજી જન્મભૂમિ, ત્રણ કૃષ્ણ મંદિર અને એક રાષ્ટ્રીય સ્થાને કથા શ્રવણ અને દર્શનનો લાભ પ્રાપ્ત થશે. ઉલ્લેખનીય છે કે પ્રથમ ચરણની કન્યાકુમારીથી કેદારનાથ સુધીની- શૃંગેરી મઠથી જ્યોતિર્મઠ સુધીની પ્રથમ ચરણની દુર્ગમ યાત્રા કશા ય અવરોધ વગર સહજતાથી સંપન્ન કરીને હવે ત્રિભુવની વ્યાસપીઠ પશ્ચિમથી પૂર્વ સુધીની બીજા ચરણની સ્વસ્તિક ભારત યાત્રા આરંભી રહી છે. બાપુ કહે છે તેમ વ્યાસપીઠ પાછળ બિરાજતા શ્રી હનુમાનજી મહારાજની કૃપા અને અનુગ્રહથી વ્યાસપીઠના સહજ સંકલ્પ નિર્વિઘ્ને પૂર્ણતા પામે છે. ખરેખર, સ્વસ્તિક કથા યાત્રા પ્રમાણિત કરે છે કે -"દુર્ગમ કાજ જગત કે જે તેસુગમ અનુગ્રહ તુમ્હરે તે તે" સૃષ્ટિના કલ્યાણ કાજે, સનાતન ધર્મના સદ્ગ્રંથ એવા રામચરિત માનસના સથવારે, એક સાધુનો શિવ સંકલ્પ અધ્યાત્મ વિશ્વને માટે અનુપમ સિમા-ચિન્હ સ્થાપિત કરશે. "સ્વસ્તિક યાત્રા" ભારતના ધર્મ જગતને આલોકિત કરતી અનન્ય ઘટના બની રહી છે.--

મનોજ જોશી (મહુવા-ભાવનગર) ૧૨-૧૧-૨૦૨૬

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 14/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru
908 124 1916

"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®
SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

કે.કે NEWS

તારીખ : 14/11/2026

સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામે રામદેવ પીર આખ્યાન યોજાયું



સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામે રામદેવ પીર આખ્યાન કાર્યક્રમનું ભક્તિમય માહોલમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. રામદેવ પીરના આખ્યાનના માધ્યમથી સૌએ ભક્તિભાવ અને આધ્યાત્મિકતાના સુંદર સંગમનો લ્હાવો માણ્યો હતો.આ પ્રસંગે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.લોકઆસ્થા, સંસ્કૃતિ અને ભક્તિની પરંપરાને જીવંત રાખતા આવા ધાર્મિક આયોજનો સમાજમાં શ્રદ્ધા, સંસ્કાર અને એકતાની ભાવનાને વધુ સશક્ત બનાવે છે. સાથે જ આપણી સમૃદ્ધ ધાર્મિક અને સાંસ્કૃતિક વિરાસતને નવી પેઢી સુધી પહોંચાડવાનું પ્રેરક કાર્ય કરે છે.



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 14/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જય સ્વામિનારાયણ

ભાવભર્યું જાહેર આમંત્રણ

રજત જયંતિ મહોત્સવ

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરનાં

રજત જયંતી મહોત્સવ નિમિત્તે શ્રીમદ્ ભાગવત સપ્તાહ

ભવ્ય પોથીયાત્રા - ધર્મ, ભક્તિ અને સંસ્કૃતિનો મહાસંગમ

વકતાશ્રી



પ.પુ.શા.સ્વા. નિર્લેપસ્વરૂપદાસજી
વેદાંતાચાર્ય, એમ.એ.
(વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કુલ, બોરસદ)



સ.ગુ.શા.સ્વા. હરિપ્રકાશદાસજી
અથાણાવાળા - સાળંગપુર

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે આયોજિત ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહના પવિત્ર પ્રારંભે ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પવિત્ર પોથીયાત્રામાં વિવિધ ધાર્મિક પોથીઓ, શણગારેલા ટ્રેક્ટરો, ભવ્ય બેન્ડ, ઢોલ-નગારાં, પરંપરાગત નૃત્યો અને વિવિધ સાંસ્કૃતિક આકર્ષણો સાથે ભક્તિભાવનો અનોખો માહોલ સર્જાશે.

કથા સમય : સવારે ૮:૩૦ થી ૧૧:૩૦, બપોર પછી ૩:૩૦ થી ૬:૩૦ કલાકે

પોથીયાત્રાનાં મુખ્ય આકર્ષણો

25 શ્રીમદ્ ભગવદ્ ગીતા પોથી * 251 શિક્ષાપત્રી પોથી * આઠ વૈદની આઠ પોથી
શણગારેલા ટ્રેક્ટરો * 3 ડી.જે. નાસિક ઢોલ * મોરબી બેન્ડ * કચ્છી બેન્ડ * સીદી ધમાલ
* અઘોરી ધમાલ * આદિવાસી નૃત્ય * 25 ઘોડા * 70 બુલેટ

પોથીયાત્રાની વિગતો

તારીખ : 14 નવેમ્બર 2026, શનિવાર
સમય : બપોરે 2:00 કલાકે પ્રસ્થાન

પોથીયાત્રા પ્રસ્થાન

આ સમગ્ર રજત જયંતી મહોત્સવ પ્રસંગે ભવ્ય પોથી યાત્રાનું મંગલ પ્રસ્થાન સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન

ઉદ્યોગપતી માન. શ્રી મનુભાઈ નાગજીભાઈ જયાણી (સાવરકુંડલા હાલ યુગાન્ડા) પ્રસ્થાન કરાવશે...

પોથીયાત્રા પ્રસ્થાન સ્થળ : કથાના મુખ્ય યજમાન શ્રી કિશોરભાઈ હિંમતભાઈ કાબરીયાનાં નિવાસસ્થાન ગાયત્રી પાનની સામે, સાવરકુંડલા

-:: રાત્રિના કાર્યક્રમો (સમય ૮:૩૦ કલાકથી) ::-

- તા. ૧૪-૧૧-૨૦૨૬ — હાસ્ય કલાકારશ્રી, હિતેશભાઈ અંટાળા
- તા. ૧૫-૧૧-૨૦૨૬ — લોકડાયરો, કલાકારશ્રી ગોપાલ સાધુ, હાસ્યકલાકાર : મનસુખભાઈ વસોયા
- તા. ૧૬-૧૧-૨૦૨૬ — પ.પૂ. ગાદીવાળાશ્રીનું આગમન તથા ભવ્ય મહિલા સાંસ્કૃતિક મંચ
- તા. ૧૭-૧૧-૨૦૨૬ — વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કુલ, આનંદોત્સવ (કલ્ચરલ પ્રોગ્રામ)
- તા. ૧૮-૧૧-૨૦૨૬ — મહારાસ ગાયકશ્રી નિષાદ સોની
- તા. ૧૯-૧૧-૨૦૨૬ — સુપ્રસિદ્ધ ગાયક કલાકાર શ્રી કિર્તિદાનભાઈ ગઢવી તથા હાસ્યકલાકાર : સુખદેવભાઈ ધામેલીયા
- તા. ૨૦-૧૧-૨૦૨૬ — ભવ્ય શ્રી તુલસીવિવાહ

:: પોથીયાત્રાનો રૂટ ::

રેલ્વે સ્ટેશન રોડ, જૂનું બસ સ્ટેન્ડ, રિદ્ધિ-સિદ્ધિ ચોક, નદી બજાર, લીમડી ચોક, આઝાદ ચોક, આડીશેરી, શ્રી સ્વામિનારાયણ મંદિર શિવાજીનગર, શ્રી જલારામ મંદિર પાસેથી, ભુવા રોડ કથા સ્થળ ખાતે સમાપન સંપન્ન થશે....

આ પવિત્ર ધાર્મિક પ્રસંગે સાવરકુંડલા શહેર તથા આસપાસના તમામ સનાતની ધર્મપ્રેમી નગરજનો, ભક્તજનો, યુવાનો અને પરિવારજનોને ભાવભર્યું જાહેર આમંત્રણ છે.

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, શિવાજીનગર, સાવરકુંડલા

તારીખ : 14/11/2026

રાજુલા અને બાબરા પોલીસનો માનવતાભર્યો અભિગમ : ગરીબ પરિવારોના બાળકો સાથે દિવાળીની ખુશીઓની કરી વહેંચણી






દિવાળીના પાવન પર્વ નિમિત્તે અમરેલી જિલ્લાના રાજુલા અને બાબરા પોલીસ દ્વારા સામાજિક સંવેદના અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. તહેવારોની ખુશીઓ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે અને ગરીબ તથા જરૂરિયાતમંદ પરિવારોનાં બાળકો પણ દિવાળી અને નૂતન વર્ષની ઉજવણી હર્ષોલ્લાસ અને આનંદ સાથે કરી શકે તેવા ઉમદા હેતુથી પોલીસ દ્વારા વિશેષ સેવાકીય પહેલ કરવામાં આવી હતી.રાજુલા પોલીસ સ્ટેશન દ્વારા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારોનાં બાળકોને તેમના રહેણાંક સ્થળે જઈ ફટાકડા અને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે બાબરા પોલીસ દ્વારા પણ જરૂરિયાતમંદ અને ગરીબ પરિવારોની વચ્ચે પહોંચી દિવાળીની ખુશીઓ વહેંચી તેમના જીવનમાં આનંદનો દીપ પ્રગટાવવાનો માનવતાભર્યો પ્રયાસ કરવામાં આવ્યો હતો.પોલીસના આ સંવેદનશીલ અભિગમથી બાળકોના ચહેરા પર ખુશીની લહેર પ્રસરી હતી. કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સાથે સામાજિક સેવાનું દાયિત્વ નિભાવતી પોલીસની આ પહેલે સાચા અર્થમાં દિવાળીના પર્વની ખુશીઓ અને માનવતાનો સંદેશ સમાજ સુધી પહોંચાડ્યો હતો.

કે.કે NEWS

તારીખ : 14/11/2026

ગુજરાતી સાહિત્યના સર્જક દિલીપ રાણપુરાની આજે જન્મજયંતિ




ગુજરાતી સાહિત્યજગતમાં પોતાની આગવી કલમ, સંવેદનશીલ અભિવ્યક્તિ અને જીવનના વાસ્તવિક અનુભવોને શબ્દોમાં ઉતારવાની અનોખી શક્તિ ધરાવતા જાણીતા સાહિત્યકાર સ્વ.દિલીપ રાણપુરાની આજે જન્મજયંતિ છે. 14 નવેમ્બર, 1932ના રોજ ધંધુકા ખાતે જન્મેલા દિલીપ રાણપુરાએ શિક્ષણક્ષેત્રે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. સર્વોદય યોજનામાં જોડાયા બાદ શિક્ષણ વ્યવસાયમાં પ્રવેશ કર્યો અને વિવિધ પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે સેવા આપી હતી. ત્યારબાદ બજાણા ખાતે પ્રાથમિક શાળાના આચાર્ય તરીકે પણ ફરજ બજાવી હતી.સાહિત્યક્ષેત્રે તેમણે નવલકથા, વાર્તા, સંસ્મરણ અને ચરિત્રલેખન જેવા વિવિધ સ્વરૂપોમાં નોંધપાત્ર સર્જન કર્યું હતું. 'સૂકી ધરતી સૂકા હોઠ', 'હું આવું છું', 'હળાહળ અમી', 'આતમ વીંઝે પાંખ', 'ભીંસ', 'મધુડંખ', 'હરિયાળાં વેરાન', 'આંસુભીનો ઉજાસ', 'મીરાંની રહી મહેક' અને 'અંતરિયાળ' જેવી તેમની નવલકથાઓ ગુજરાતી સાહિત્યમાં વિશેષ સ્થાન ધરાવે છે.આ ઉપરાંત 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ', 'પણ માંડેલી વારતાનું શું?', 'દીવા તળે ઓછાયા', 'વાત એક માણસની' અને 'છવિ' જેવી કૃતિઓ દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું હતું.તેમની કલમમાં જીવનની વેદના, સંવેદના, માનવીય સંબંધો અને સમાજજીવનની વાસ્તવિકતાનું સુંદર પ્રતિબિંબ જોવા મળે છે. શિક્ષક તરીકે જ્ઞાનનું દાન અને સાહિત્યકાર તરીકે વિચારોનું સર્જન કરીને તેમણે સમાજમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.જન્મ તો એક દિવસનો પ્રસંગ છે, પરંતુ ઉત્તમ સર્જન એવું હોય છે જે પેઢીઓ સુધી યાદ રહે. શબ્દોની સાધના કરનાર સર્જક ક્યારેય વિસરાતો નથી.આવા પ્રતિભાશાળી સાહિત્યકાર સ્વ. દિલીપ રાણપુરાને તેમની જન્મજયંતિ નિમિત્તે શત શત વંદન અને ભાવભીની શબ્દાંજલિ.

તારીખ : 14/11/2026

ભાઈબીજના પવિત્ર પર્વે સાળંગપુરધામમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું

શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીનાં દિવ્ય દર્શન કરી હજારો શ્રદ્ધાળુઓએ મહાપ્રસાદનો લાભ લીધો

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ સ્થિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે નૂતન વર્ષ અને ભાઈબીજના પવિત્ર પર્વ નિમિત્તે ભક્તિભાવપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો. પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ દાદાના દિવ્ય સિંહાસનને મનમોહક ફૂલોથી શણગારવામાં આવ્યું હતું.ભાઈબીજના પવિત્ર પર્વે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને આકર્ષક એમ્બ્રોઈડરી વર્ક અને ફૂલોની સુંદર ડિઝાઈનવાળા વિશેષ વાઘા ધરાવવામાં આવ્યા હતા. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દાદાનાં દિવ્ય દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. સવારે દાદાની મંગળા આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી, જ્યારે ભવ્ય શણગાર આરતી પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી દ્વારા ઉતારવામાં આવી હતી. હજારો હરિભક્તોએ આરતીનાં દિવ્ય દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.સમગ્ર મંદિર પરિસર ભક્તોના વિશાળ મહેરામણથી ઊભરાઈ ગયું હતું. આ પ્રસંગે 'શ્રી કષ્ટભંજનદેવ ભોજનાલય' ખાતે હજારો શ્રદ્ધાળુઓએ ભાવપૂર્વક મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. ભોજનાલય પરિસરમાં પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) રૂબરૂ ઉપસ્થિત રહ્યા હતા અને હરિભક્તોને રૂબરૂ મળી નૂતન વર્ષની મંગલમય શુભકામનાઓ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.આમ, ભાઈબીજના પવિત્ર પર્વે સાળંગપુરધામમાં ભક્તિ, શ્રદ્ધા અને સેવાના ત્રિવેણી સંગમ સમા વાતાવરણમાં હજારો ભક્તોએ દાદાનાં દર્શન અને મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.



કે.કે NEWS

તારીખ : 14/11/2026

બાબરાના વડલીવાળી મેલડીમાં ધામ ખાતે પુષ્પોથી આકર્ષક રંગોળીની રચના



અમરેલી જિલ્લાના બાબરા ખાતે આવેલા શ્રી વડલીવાળી મેલડીમાં ધામમાં દિવાળીના પાવન પર્વની ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંદિરના સેવકો દ્વારા વિવિધ રંગોના સુંદર પુષ્પોથી આકર્ષક રંગોળીની રચના કરી માતાજીના ધામને નયનરમ્ય શણગાર કરવામાં આવ્યો હતો.સેવકોએ પોતાની કલાત્મક સૂઝ, ભારે મહેનત અને અખૂટ શ્રદ્ધા સાથે ફૂલોની સુંદર ગોઠવણી કરી રંગોળી તૈયાર કરી હતી, જે મંદિર પરિસરમાં ઉપસ્થિત માઈભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. માતાજી પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અને ભક્તિભાવને અભિવ્યક્ત કરતી સેવકોની આ સુંદર સેવાથી દિવાળીના પર્વે ધામમાં ભક્તિ અને રંગોની અનોખી છટા જોવા મળી હતી. મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા મેલડી માતાજીના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

કે.ડી NEWS

તારીખ : 14/11/2026

લીલીયા તાલુકાના બવાડી ગામે સંત શ્રી દાસીજીવણ સાહેબની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો



અમરેલી જિલ્લાના મોટા લીલીયા તાલુકાના બવાડી ગામે સંત શ્રી દાસીજીવણ સાહેબની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય, સામાજિક આગેવાનો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.આ ધાર્મિક મહોત્સવમાં ઉપસ્થિત સૌએ સંત શ્રી દાસીજીવણ સાહેબના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી. આ અવસરે સમગ્ર સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, એકતા અને સર્વાંગી કલ્યાણ જળવાઈ રહે તેવી



હૃદયપૂર્વક પ્રાર્થના કરવામાં આવી હતી.સંતોના આશીર્વાદ અને સદવિચારો સમાજજીવનમાં સદાય પ્રેરણાનું બળ પૂરું પાડતા રહે તેવી ભાવના સાથે સમગ્ર મહોત્સવ ઉજવાયો હતો.

કે.કે NEWS

તારીખ : 14/11/2026

અમરેલીમાં 15 નવેમ્બરે જનજાતિય ગૌરવ દિવસની જિલ્લા કક્ષાએ ઉજવણી



અમરેલી ખાતે આગામી 15 નવેમ્બર, 2026ના રોજ ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતિ નિમિત્તે જિલ્લા કક્ષાના જનજાતિય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. શાંતાબા મેડિકલ કોલેજના ઓડિટોરિયમ ખાતે સવારે 10:30 કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં 1,000થી વધુ લોકો જોડાય તેવી સંભાવના છે.આ કાર્યક્રમની પૂર્વતૈયારી અને રૂપરેખા અંગે જિલ્લા વિકાસ અધિકારી રાજેશ કુમાર મૌર્યના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં તેમણે આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સમૃદ્ધ સંસ્કૃતિ તેમજ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી વીરોના અમૂલ્ય યોગદાનને યાદ કરતાં જણાવ્યું હતું કે, જનજાતિય ગૌરવ દિવસ એ આદિવાસી સમાજના શૌર્ય, બલિદાન અને રાષ્ટ્રપ્રેમને નમન કરવાનો વિશેષ અવસર છે.ભારત સરકાર દ્વારા વર્ષ 2021થી ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ 15 નવેમ્બરને રાષ્ટ્રીય જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા પણ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. વનબંધુ કલ્યાણ યોજના સહિતની પહેલો દ્વારા શિક્ષણ, આરોગ્ય, આવાસ, રોજગારી, કૌશલ્ય વિકાસ અને પાયાની સુવિધાઓને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે.છોટાઉદેપુર ખાતે યોજાનારા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં રૂ. 1,032 કરોડના વિકાસકાર્યો અને વિવિધ યોજનાઓના લાભ 27,767 લાભાર્થીઓને અર્પણ કરવાનું આયોજન છે. જ્યારે અમરેલીના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરવાની સાથે સરકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત આદિવાસી સમાજના ઉત્થાન અને વિકાસમાં વિશિષ્ટ યોગદાન આપનાર મહાનુભાવોનું સન્માન કરાશે. કાર્યક્રમ દરમિયાન છોટાઉદેપુર ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાનારા રાજ્યકક્ષાના સમારોહનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે.અમરેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જનજાતિય ગૌરવ દિવસ માત્ર એક ઉજવણી નહીં, પરંતુ આદિવાસી સમાજની ગૌરવશાળી પરંપરા, સંસ્કૃતિ, શૌર્ય અને રાષ્ટ્રનિર્માણમાં રહેલા યોગદાનને નવી પેઢી સુધી પહોંચાડવાનું માધ્યમ છે. તેમણે સમાજના ઈતિહાસને જન-જન સુધી પહોંચાડવા તેમજ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને તેના લાભાર્થીઓની સફળતાની ગાથાઓનો વ્યાપક પ્રચાર કરવા અપીલ કરી હતી.આ પત્રકાર પરિષદમાં આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ જયવીર ગઢવી, નિવાસી અધિક કલેક્ટર એ.એ. ડોડિયા, ડી.આર.ડી.એ.ના નિયામક કે.જે. જાડેજા, અમરેલીના પ્રાંત અધિકારી જાડેજા, એ.ટી.ડી.ઓ. માલદેવસિંહ ગોહિલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 14/11/2026

વાઘણીયા ગામે શ્રી રામજી મંદિર અને શ્રી રાધાકૃષ્ણ મંદિરના મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ભવ્ય રાસગરબાનું આયોજન



અમરેલી જિલ્લાના લીલિયા તાલુકાના વાઘણીયા ગામે સમસ્ત વાઘણીયા ગામ પરિવાર દ્વારા આયોજિત શ્રી રામજી મંદિર તથા શ્રી રાધાકૃષ્ણ મંદિરના મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ભવ્ય રાસગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગે સાવરકુંડલા-લીલિયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ પ્રભુના દર્શન-અર્ચનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.આ પ્રસંગે વાઘણીયા ગામના વડીલો, યુવાનો અને ગ્રામજનોનો



ઉત્સાહ, આત્મીય સન્માન અને એકતાભરી સમરસતાના સુંદર દર્શન થયાં હતાં. ભક્તિ, સંસ્કૃતિ અને સામૂહિક એકતાના સંગમ સમાન આ ભવ્ય આયોજન બદલ સમસ્ત વાઘણીયા ગામ પરિવાર તથા આયોજક સમિતિને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 14/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક



અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

તારીખ : 14/11/2026

IPL 2027માં મેગા ટ્રેડ ડીલ!

હાર્દિક પંડ્યા પંજાબ કિંગ્સમાં તો અર્શદીપ સિંહ મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાશે

સત્તાવાર જાહેરાત



ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2027ની સિઝન પહેલાં ક્રિકેટ જગતમાં મોટી ખેલાડી ટ્રેડ ડીલ સામે આવી છે. મુંબઈ ઈન્ડિયન્સના સ્ટાર ઓલરાઉન્ડર અને કેપ્ટન હાર્દિક પંડ્યા હવે પંજાબ કિંગ્સની ટીમમાં જોડાશે, જ્યારે પંજાબ કિંગ્સના દમદાર ડાબોડી ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ મુંબઈ ઈન્ડિયન્સની ટીમમાં સામેલ થશે.આ બંને ખેલાડીઓની અદલાબદલીની સત્તાવાર જાહેરાત 11 નવેમ્બર, 2026ના રોજ કરવામાં આવી હતી. આ ટ્રેડ હેઠળ હાર્દિક પંડ્યા ₹18 કરોડની રકમ સાથે પંજાબ કિંગ્સમાં જોડાશે, જ્યારે અર્શદીપ સિંહ ₹18 કરોડની હાલની રકમ સાથે મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમશે.હાર્દિક પંડ્યા પોતાની આક્રમક બેટિંગ, અસરકારક બોલિંગ અને ઓલરાઉન્ડ પ્રદર્શન માટે જાણીતા છે. બીજી તરફ અર્શદીપ સિંહ પોતાની શાનદાર સ્વિંગ બોલિંગ અને ડેથ ઓવરમાં વિકેટ ઝડપવાની ક્ષમતા માટે ઓળખાય છે. પંજાબ કિંગ્સ માટે હાર્દિકનો અનુભવ અને મુંબઈ ઈન્ડિયન્સ માટે અર્શદીપની બોલિંગ આગામી સિઝનમાં મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.આ હાઈ-પ્રોફાઈલ ટ્રેડ ડીલને કારણે IPL 2027 પહેલાં જ ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હવે આગામી સિઝનમાં બંને ખેલાડીઓ નવી ટીમની જર્સીમાં મેદાન પર ઉતરતા જોવા મળશે.

ગ્રાન્ડેડ A4 ટ્રેક પે
₹185
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

K.D NEWS

ના પ્લેટફોર્મ પર


જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...


અને આપે છે

વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો





















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 14/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...

“

પહેલવાન બનવા માટે અખાડાઓ છે.. ધનવાન બનવા માટે દુકાનો છે.. ભાગ્યવાન બનવા માટે લોટરીઓ છે.. તો ભગવાન બનવા માટે મંદિરો છે !

”

પદ્મ ભૂષણ

આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



તારીખ : 14/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



દીકરો: પપ્પા, મોંઘવારી એટલે શું?
પપ્પા: બેટા, જે વસ્તુ પહેલાં 100 રૂપિયામાં આવતી હતી,એ હવે 200 રૂપિયામાં આવે અને પગાર એનો એ જ રહે,

---

મિત્ર: મોંઘવારી કેટલી વધી ગઈ છે?
બીજો મિત્ર: એટલી કે હવે ATM પણ પૈસા આપતા પહેલાં પૂછે છે,"ખરેખર જરૂર છે ને?"

પત્ની: સાંભળો, બજારમાં બધું મોંઘું થઈ ગયું!
પતિ: તો પછી શું કરવું?
પત્ની: હવે ઝઘડો પણ ઓછો કરવો પડશે!
પતિ: કેમ?
પત્ની: કારણ કે "બોલવાના શબ્દો" પણ મોંઘા પડી રહ્યા છે!

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 14/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

14 નવેમ્બર

મહત્વની ઘટનાઓ

૧૯૧૩ – રવિન્દ્રનાથ ટાગોરને સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું.

જન્મ

૧૮૮૯ – જવાહરલાલ નેહરુ, ભારતના પ્રથમ વડાપ્રધાન. (અ. ૧૯૬૪)

૧૮૯૧ – હરભાઈ ત્રિવેદી, ગુજરાતના શિક્ષણવિદ્. (અ. ૧૯૭૯)

૧૯૩૨ – દિલીપ રાણપુરા, ગુજરાતી ભાષાના નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર. (અ. ૨૦૦૩)

૧૯૮૫ – નિકિશા જરીવાલા, ભારતીય કમ્પ્યુટર વૈજ્ઞાનિક

અવસાન

૧૮૯૨ – વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી, ગુજરાતી સાહિત્યકાર. (જ. ૧૮૨૫)

૧૯૧૫ – બુકર ટી.વોશિંગ્ટન, અમેરીકન કેળવણીકાર, લેખક, વક્તા, અમેરિકન-આફ્રિકન સમુદાય (હબસી) ના પ્રભાવશાળી નેતા. (જ. ૧૮૫૬)

૧૯૫૬ – મેઘનાદ સહા, ભારતીય વૈજ્ઞાનિક. (જ. ૧૮૯૩)

૧૯૭૭ – એ.સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ, ભારતીય આધ્યાત્મિક ગુરુ અને ઈસ્કોનના સ્થાપક. (જ. ૧૮૯૬)

૧૯૯૩ – મણીભાઈ ભીમભાઈ દેસાઈ, ભારતીય સ્વાતંત્ર્ય સેનાની. (જ. ૧૯૨૦)

તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ મધુપ્રમેહ દિવસ

જવાહરલાલ નેહરુ જયંતિ

તારીખ : 14/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે



હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક


વિદ્યાર્થીઓ માટે

૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની

કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 14/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે

ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 14/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



92K

60K

44K

100K

સંપર્ક : મો. 94997 97973